# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-10-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## GST સુધારાનો લાભ:

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે GST સુધારાનો બીજો તબક્કો દેશના અર્થતંત્રને નોંધપાત્ર રીતે વેગ આપશે. દિવાળીના તહેવાર દરમિયાન ઇલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઇલ્સ અને ગ્રાહક માલ જેવા મુખ્ય ઉત્પાદનોનું વેચાણ થાય છે. દેશના અનેક વિસ્તારોમાં વિક્રમજનક વેચાણ જોવા મળ્યું.

સુશ્રી સીતારમણ નવી દિલ્હીમાં GST બચત મહોત્સવમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં આ મુજબ જણાવ્યું હતું. નાણામંત્રીએ કહ્યું હતું કે GST દર ઘટાડાનો લાભ સામાન્ય માણસ સુધી પહોંચી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે કચ્છમાં પણ મોટી સંખ્યામાં ધન તેરસના શુભ દિવસે વાહનો,ઈલેક્ટ્રોનીક્સ વસ્તુ સહિતની મોટી સંખ્યામાં લોકોએ ખરીદી કરી હતી.

------------------------------------------------------------------------------------------

## ઘરેણાની ખરીદી:

કચ્છમાં ધનતેરસના દિવસે મોટી સંખ્યામાં લોકોએ  ઘરેણાં અને 50 અને 100 ગ્રામના સિક્કાની ખરીદી કરી  હતી.ઉલ્લેખનીય છે કે,  ધનતેરસના દિવસે જ સોનાંના ભાવમાં 1500 અને ચાંદીના ભાવમાં 7000 રૂા.નો ઘટાડો જોવા મળ્યો હતો. ભાવમાં ઘટાડાનાં કારણે ખરીદીમાં અનેરો ઉત્સાહ લોકોમાં જોવા મળ્યો હતો.

------------------------------------------------------------------------------------------

## નવનિયુક્ત મંત્રીઓનો પ્રવેશ કાર્યભાર :

રાજ્ય સરકારના નવનિયુક્ત મંત્રીઓએ ગઈકાલે ધનતેરસના પાવન દિવસે પોતપોતાની કચેરીમાં વિધિવત્ પ્રવેશ કરી કાર્યભાર સંભાળ્યો હતો.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ શપથ લીધા બાદ રાજ્યના નાગરિકો અને કાર્યકર્તાઓને તેમને અભિનંદન પાઠવતા હૉર્ડિંગ્સ ન લગાવવા અપીલ કરી હતી. ત્યારબાદ  શ્રી સંઘવીના સુરતના એક શુભેચ્છકે હોર્ડિંગ્સ લગાવવાને બદલે હૉસ્પિટલમાં 30 જરૂરિયાતમંદની નેત્ર શસ્ત્રક્રિયા માટે એક સંસ્થાને દાન આપ્યું હતું. નાયબ મુખ્યમંત્રીએ પણ તેમના આ કાર્યને બિરદાવ્યું હતું.

અંજારના ધારાસભ્ય ત્રિકમ છાંગાએ  ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી તરીકે  ધાર્મિક વિધી સાથે કાર્યલયનો કાર્યભાર સંભાળ્યો હતો.

---

## GSRTCપેશગી:

રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – GSRTCના તમામ કર્મચારીઓને 10 હજાર રૂપિયા તહેવાર પેશગી રકમ આપવાનો નિર્ણય કર્યો છે.  અગાઉ માત્ર ફિક્સ પગારના કર્મચારીઓને પાંચ હજાર રૂપિયા સુધી પેશગી એટલે કે, અગાઉથી અપાતું મહેનતાણું અપાતું હતું, પરંતુ હવે નિગમના તમામ કર્મચારીઓને 10 હજાર રૂપિયાની સહાય અપાશે.

---

## સ્મૃતિવન દિપોત્સવ:

સ્મૃતિવન મધ્યે દર વર્ષે વિવિધ સંસ્થાઓ દ્વારા સાથે મળીને વિશાળ દીપોત્સવનું આયોજન કરવામાં આવે છે, ત્યારે આ વર્ષે પણ સ્મૃતિવન 51,000 દીવડાથી ઝળહળી ઊઠયું હતું. વિવિધ સંસ્થાઓ અને દાતાઓના સહયોગથી સ્મૃતિવન ખાતે છેલ્લાં ત્રણ વર્ષથી ધનતેરસના

દિવસે યોજાતા દીપોત્સવમાં આ વખતે પણ 51000 દીવડા પ્રગટાવી ઉજાસ ફેલાવાયો હતો. ભુજ અને આસપાસના લોકો મોટી સંખ્યામાં ઊમટી પડયા હતા.

---

## કાળી ચૌદશ:

દિવાળીનાં પંચ પર્વના બીજા પર્વ કાળી ચૌદસની પરંપરાગત શ્રદ્ધા અને ભક્તિ ભાવપૂર્વક આજે ઉજવણી થઈ રહી છે. આજનું પર્વ  નરક ચતુર્દશી અને રૂપચૌદસ તરીકે જાણીતું છે. આજે મહાકાલી ઘંટાકર્ણ મહાવીર અને  હનુમાનજીની પૂજા ઉપાસના થાય છે. સાધકો મધરાત્રે સ્મશાનમાં  જઈ સાધના કરે છે. ભુજ અને અન્ય સ્થળોએ વહેલી સવારે મંદિરોમાં મંગળા આરતી થી વાતાવરણ ગાજતું રહ્યું છે. લોકો મહાદેવનાકા બહાર આતશબાજી અને ફટાકડાની મોજ માણી રહ્યા છે.  ભુજના પડદા ભટ્ટ અને અન્ય મંદિરોમાં હનુમાનજીની વિશેષ પૂજા ઉપાસના થઈ રહી છે.

---

## ક્રિકેટ:

મહિલા વિશ્વ કપ સ્પર્ધા માં આજે ઇન્દોર ખાતે ભારત અને ઈંગ્લેન્ડની ટીમો વચ્ચે મુકાબલો થશે. ભારતે શ્રીલંકા અને પાકિસ્તાનની ટીમો સામેની મેચો  જીતી વિજયી પ્રારંભ કર્યો હતો. પરંતુ દક્ષિણ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા  સામેની મેચો માં પરાજય ખમવો પડયો હતો તેથી આજની મેચ મહત્વ ની માનવામાં આવે છે

બીજી તરફ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગયેલી ભારતીય ક્રિકેટ ટીમ તેની ત્રણ એક દિવસીય મેચો અને પાંચ ટી 20 મેચોનો આરંભ પાર્થ ખાતે પ્રથમ વન ડે મેચથી કરશે. મેચ ભારતીય સમય મુજબ આજે  સવારે નવ વાગ્યા થી શરૂ થશે.

---

## કસબી એવોર્ડ:

કચ્છના એક સામાન્ય ગામથી પગરણ માંડી અમેરિકાના વ્હાઈટ હાઉસ સુધીની સફરે પહોંચેલા રંગીન રોગાન કલાના કસબી સિધિકભાઈ ખત્રીને વર્ષ 2024નો રાજ્ય કક્ષાનો એવોર્ડ જાહેર કરાયો છે. ગુજરાત સરકારના કલા વિભાગ દ્વારા કસબીને રૂા. એક લાખ રોકડ પુરસ્કાર, શાલ અને સન્માનપત્ર એનાયત કરવામાં આવશે.

---

## બેસ્ટ પરફોર્મિંગ રાજ્ય-ગુજરાત પુરસ્કાર:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગુજરાતને સમગ્ર દેશમાં "પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહા અભિયાન" હેઠળ શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ "બેસ્ટ પર્ફોર્મિન્ગ રાજ્ય" તરીકેનો પુરસ્કાર એનાયત કર્યો છે. નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિશ્રીની અધ્યક્ષતામાં આદિ કર્મયોગી અભિયાન અંગે યોજાયેલા રાષ્ટ્રીય સંમેલનમાં તેમણે આ પુરસ્કાર ગુજરાતને આપ્યો હતો

---

## નશા મુક્ત અભિયાન:

રાજ્યભરમાં યોજાયેલા નશામુક્ત ભારત અભિયાન હેઠળ અત્યાર સુધી આઠ હજારથી વધુ પ્રવૃત્તિઓ યોજાઈ. તેમાં 35 લાખથી વધુ નાગરિકે સહભાગી થઈ સમાજ અને દેશને નશામુક્ત બનાવવા સંકલ્પ લીધો તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે

---